ડૉ. આંબેડકર આવાસ યોજનામાં જીઓ-ટેગીંગ
(Geo-Tagging) અમલમાં મૂકવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્ર: SJED/HAT/e-file/17/2022/2692/H Section
સચિવાલય, ગાંધીનગર.
તા.ઈ-સાઈન મુજબ.

**વંચાણે લીધા:**

(૧) આ વિભાગનો તા.૨૭/૧૨/૨૦૨૧ નો ઠરાવ ક્ર:અબડ/૧૨૨૦૨૧/૫૬૨૬૬૨/હ

(૨) આ વિભાગનો તા.૦૨/૦૫/૨૦૨૫ નો ઠરાવ ક્ર:SJED/PRC/e-file/17/2025/0196/H Section

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૦/૧૧/૨૦૨૪ નો પત્ર ક્ર.અજાક/મ-૫/૬૭૫૪-૫૬

**પ્રસ્તાવના:-**

વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના આ વિભાગના તા.૨૭/૧૨/૨૦૨૧ ના ઠરાવથી ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિના લોકો માટે વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ સહાય આપવા માટેની “ડૉ. આંબેડકર આવાસ યોજના” માટે એક સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૨) પરના વિભાગના તા.૦૨/૦૫/૨૦૨૫ ના ઠરાવથી ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ અનુસૂચિત જાતિના લભાર્થીઓને ચૂકવવામાં આવતી રૂ.૧,૨૦,૦૦૦/- ની મકાન સહાયમાં રૂ.૫૦,૦૦૦/- નો વધારો કરી, રૂ.૧,૭૦,૦૦૦ની સહાય કુલ ચાર હપ્તામાં ચુકવવાનું નક્કી કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક : (૩) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના પત્રથી ડૉ.આંબેડકર આવાસ યોજનામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના ધોરણે Geo Tagging ની સુવિધા ઉમેરવા બાબતની દરખાસ્ત કરવામાં આવેલ છે. ડૉ.આંબેડકર આવાસ યોજનામાં રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારની સમાન પ્રકારની આવાસ યોજનાઓ વચ્ચે વિસંગતતા દૂર કરવા ઉપરાંત ગેરરીતિ અટકાવવા, પારદર્શિતા જાળવવા, ડુપ્લીકેશન તથા ખોટી રજૂઆત અટકાવવા, આવાસ નિર્માણની વાસ્તવિક પ્રગતિ ઉપર દેખરેખ રાખવા, તેમજ નાણાંકીય સહાયને ભૌતિક પ્રગતિ સાથે સાંકળવા અંગે પ્રજા અને પ્રજાના પ્રતિનિધિઓ મારફતે વખતોવખત સુધારા-વધારા અંગેની રજુઆતો મળેલ છે. જેથી આ યોજનામાં કેન્દ્ર સરકાર દ્વારા અમલિત પ્રધાનમંત્રી આવાસ યોજનાના ધોરણે Geo Tagging ની સુવિધા ઉમેરવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

૨. કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ડૉ.આં઼બેડકર આવાસ યોજના હેઠળ ફાળવવામાં આવતા આવાસોમાં જિયો-ટેગિંગ (Geo Tagging) પદ્ધતિ અમલમાં મૂકી નીચે મુજબ ચૂકવવામાં આવતા સહાયના હપ્તા પહેલા લાભાર્થી સહિતના જીઓ ટેગીંગ કરેલા ફોટોગ્રાફ અપલોડ કરવા નીચે મુજબ જોગવાઇ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| **પ્રથમ હપ્તો** | : | વહીવટી મંજૂરીના હુકમ પહેલા જર્જરીત મકાન/ખુલ્લા પ્લોટના ૨ થી ૪ ફોટોગ્રાફ |
| **ત્રીજો હપ્તો** | : | રૂફ કાસ્ટ લેવલ સુધી બાંધકામના ૨ થી ૪ ફોટોગ્રાફ |

આ ઠરાવની જોગવાઈઓ ઠરાવ પ્રસિદ્ધ થયાની તારીખથી લાગુ થશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર માન.મંત્રીશ્રી (સા.ન્યા.) ની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

e-sd/-

(કેતન ડામોર)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**<u>નકલ સવિનય રવાના:</u>**

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન. રા.ક.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સરદારભવન, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં. ૫/9મો માળ, સચિવાલય ગાંધીનગર.

- સર્વે વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રીઓ/અગ્ર સચિવશ્રીઓ/સચિવશ્રીઓ, સરદારભવન, ગાંધીનગર.

- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીમગર.

- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

- નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. (આ બાબત સંબંધિત સર્વે સક્ષમ અધિકારીશ્રીઓના ધ્યાન ઉપર લાવવા સારુ)

- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ/સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

- સેક્શન અધિકારીશ્રી (કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સરદારભવન, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતી સહ.

- સિલેક્ટ ફાઇલ-૨૦૨૫

* પત્ર દ્વારા.

Signature Not Verified

Signed by:Ketan Damor
Section Officer
Date:2026.01.22
11:00:32 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign